# શહેરમાં આશ્ચર્યજનક કાર્યક્રમ દરમિયાન ૭૦૦ આશાવર્કરોની અટકાયત

ગાંધીનગર, તા.૨૭ વર્ષો જુના પડતર પ્રશ્નો સહિત અનેકવિધ માંગણીઓના ઉકેલ માટે સમગ્ર રાજયમાંથી એકજુથ થઈ ને ગાંધીનગરમાં આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની આશાવર્કર બહેનોની યોજના પર પોલીસે પાણી ફેરવી દીધુ હતું. એકબાજુ વિધાનસભા સત્ર ચાલુ છે ત્યારે આશાવર્કરોને તેમના કાર્યક્રમ માટે મંજુરી આપવામાં આવી નહોતી. જયારે પોતાના નિયત કાર્યક્રમને સફળ બનાવવા આવી પહોંચેલી આશાવર્કર બહેનોની પોલીસે અટકાયત કરી હતી. પોલીસે બપોર સુધીમાં અંદાજીત ૭૦૦ થી વધુ આશાવર્કરોની અટકાયત કરી હતી. આશાવર્કર બહેનોને અટકાવવા માટે પોલીસે સઘન વાહન ચેંકીગ ઝુંબેશ હાથ ધરી હતી. આ ઉપરાંત એસ.ટી ડેપો સહિતના વિવિધ સ્થળોએથી પણ આશાવર્કરોની અટકાયત કરી હતી. આશાવર્કરોના આ આશ્ચર્યજનક કાર્યક્રમને નિષ્ફળ કરવામાં પોલીસ સફળ રહી હતી. જેના પરિણામે આશાવર્કરોમાં આકોશ પ્રવર્તયો હતો. પોલીસની સજ્જડ નાકાબંધી વચ્ચે કેટલાક ઠેકાણે આશાવર્કર બહેનોએ પોલીસ વિરોધી સુત્રોચ્ચાર પણ કર્યા હતા.

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આશાવર્કરો દ્વારા ધરણાના કાર્યક્રમ યોજવામાં આવ્યા છે. છતા પણ સરકાર દ્વારા તેમના પડતર પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવતો નથી. આશાવર્કરો બહેનોએ સરકાર સમક્ષ અનેકવાર લેખીત તેમજ મૌખિક રજુઆતો કરી હોવા છતા હજુ સુધી કોઈપણ હકારાત્મક અભિગમ નહીં આપતા બહેનો રોષે ભરાઈ છે. જેથી તા.૨૭ માર્ચના ધરણાના કાર્યક્રમ અંગે તંત્ર સમક્ષ મંજુરી માંગી હતી. પરંતુ તંત્ર દ્વારા મંજુરી નહીં આપવામાં આવતા આશાવર્કર બહેનોએ આજે આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની યોજના બનાવી હતી. જેમાં સમગ્ર રાજયમાંથી બહેનો ગાંધીનગર ખાતે એકત્ર થવાની હતી. પરંતુ પોલીસ તંત્ર દ્વારા શહેરને લોખંડી છાવણીમાં ફેરવી દેવામાં આવતા આશાવર્કરોની યોજના પર પાણી ફરી વળ્યું હતું અને પોલીસે નગરમાં એસટી ડેપો, સિવિલ કેમ્પસ, કલેકટર કચેરી, સત્યાગ્રહ છાવણી, સહયોગ સંકુલ પાછળ ખુલ્લા મેદાનમાં, અક્ષરધામ સહિત નગરના ચ અને ઘ માર્ગ પરના તમામ બસ સ્ટેન્ડ પર પોલીસ ગોઠવી દેવામાં આવી હતી. શહેરના તમામ પ્રવેશદ્વાર પર આવતા વાહનોનું સઘન ચેંકીગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે આશાવર્કરોની વિવિધ સ્થળો પરથી ૭૦૦ જેટલી બહેનોની અટકાયત કરીને એસપી કચેરી ખાતે મોકલી આપી હતી. જયારે આજે ૧૬૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓએ શહેરને લોખંડી છાવણીમાં ફેરવી દીધુ હતું. જયારે આ સમગ્ર સ્થળ પર પોલીસ ચેંકીગ દરમિયાન ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા.

## સરકારી યોજના લાભ સહકારી મંડળીઓ છેવાડાના માનવી સુધી પહોંચાડે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત રાજય સહકારી સંઘનું મહાસંમેલન તા.૨૬મી માર્ચ રવિવારે અડાલજના ત્રિમંદિરના દાદાનગર હોલ ખાતે યોજાયું હતું. જેમાં રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણી ઉપસ્થિત રહ્યાં હતા. મુખ્યમંત્રીએ આ મહાસંમેલનને સંબોધતા ગુજરાતમાં કુપોષણ નાબુદ કરવા તથા સ્વચ્છતા અભિયાનના અમલીકરણમાં તથા કેશલસ અંગે જાગૃતિ લાવવામાં સહકારી ક્ષેત્ર ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે. આ પ્રસંગે ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે 'ટેકનોફિએટ સહકાર ક્રાંતિ'નું વિમોચન કરતા જણાવ્યું હતું કે ગામડામાં શહેરીકરણની અસર હોવા છતાં ખેડૂતો પશુપાલનનો વ્યવસાય સફળતાથી કરી રહ્યા છે. સહકારી ક્ષેત્રે વૈશ્વિક-સ્પર્ધામાં ગ્રાહકને પ્રાથમિકતા આપવી જરૂરી બની છે.

આ મહાસંમેલનમાં કેન્દ્રિય કૃષિ મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ સહકારી સંસ્થાઓને એક છત્ર નીચે એકત્રિત કરી સહકાર શકિતની ઉપાસના કરવાની તક આપવા બદલ આભાર વ્યકત કરતા સહકારી ક્ષેત્રમાં કેશલેસ વ્યવહારની અગત્યતા દર્શાવી હતી. આ પ્રસંગે રાજયના સહકાર મંત્રી ઈશ્વરભાઈ પટેલે 'સહકારી સંસ્થાઓની ડિરેકટરી ૨૦૧૭'નું વિમચોન કરી રાજય સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતી પુરી પાડી હતી. આ પ્રસંગે સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામ અમીન, આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન, એનસીયુઆઈ દિલ્હીના પ્રમુખ ચંદ્રપાલસિંહ યાદવ, પૂર્વ કૃષિ અને સહકાર મંત્રી દિલીપ સંઘાણી, નેશનલ એગ્રી કલ્ચરલ કો.ઓપ. માર્કેટીંગ ફેડરેશન નાફેડના વાઘજી પટેલ તથા નાફકબના ચેરમેન જયોતિન્દ્ર મહેતા ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનના અંતમાં સઘના માનદ મંત્રી ભીખુભાઈ પટેલે આભાર વ્યકત કર્યો હતો. સંમેલનની સફળતા માટે સંઘના એકિઝકયુટિવ ઓફિસર શીતલ ભટ્ટ તથા ટીમે જહેમત ઉઠાવી હતી.

### સાબરમતી ડી કેબિન પાસે વરિષ્ઠ નાગરિકોની શિબિર યોજાઈ

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર પેરાલીગલ વૉલન્ટર જયરામભાઈ સોની દ્વારા આદર્શ અમદાવાદ આયોજિત એક કાનૂની શિબિર સાબરમતી ડી કેબિન પાસે યોજાઈ હતી. આ શિબિરમાં વરિષ્ઠ નાગરિકોના હક્ક, સરકારી યોજનાઓ, સવલતો અંગેની સમજણ આપી હતી. આ સાથે બાળકોના ઉછેર અંગે, અપમાનિત ન કરવા તોફાન મસ્તીથી ક્રોધિત ન થવા, દરેક બાકોની સારસંભાળ રાખવી તેમજ રાષ્ટ્રના ભાવિ શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવા વગેરે પ્રેરણાદાયી માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતુ. આ શિબિરમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો હાજર રહ્યા હતા.

## વીરમાયા સ્મારક ભવનને ૧૧ લાખનું દાન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા.૨૭

વીરમાયા સ્મારક સમિતિ દ્વારા પાટણ ખાતેની રાણકી વાવ સહસ્ત્રલીંગ સરોવર સંલગ્ન માયા ટેકરી મુકામે માયા સ્મારક ભવનનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. આ સ્મારક ભવન માટે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી આત્મારામભાઈ પરમારના હસ્તે રૂ.૧૧ લાખના દાનનો ચેક સુપરત કરવામાં આવ્યો છે. આ પ્રસંગે સ્મારક સમિતિના ચેરમેન ઝવેરભાઈ ચાવડા, મહામંત્રી ડી.પી. પરમાર, મંત્રી કે.આઈ. પટેલ, અનુસુચિત જાતિ કલ્યાણના ડાયરેકટર કે.ડી.કાપડિયા, અધિકારી હિરાભાઈ તથા નિગમના વાઈસ ચેરમેન જીતુભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. આ માતબર દાનથી સમગ્ર દલિત સમાજમાં આનંદની લાગણી ફેલાઈ છે. અને ગુજરાત વણકર સમિતિ દ્વારા મંત્રી આત્મારામભાઈ પરમાર તથા નિયામક કે.ડી.કાપડિયાનો આભાર માનવામાં આવ્યો છે.

માયા સ્મારક ભવનના નિર્માણ માટે અગાઉ પ્રવાસન નિગમ દ્વારા અંદાજે રૂ. ૧.૯૦ કરોડનું બાંધકામ કરવામાં આવ્યું છે તેમજ સમાજ દ્વારા ૧.૨૫ કરોડનું બાંધકામ કરવામાં આવ્યું છે. હજુ સમારક ભવન ખાતે ગ્રંથાલય, વાંચનાલય, સંશોધન કેન્દ્ર, બાળ ક્રિડાગણ, ભોજનાલય, વારીગૃહ સહિતની સુવિધાઓ વિકસાવવાની હોઈ સમિતિને વધુ દાનની આવશ્યકતા રહેલી છે.

## લેકાવાડા પાટીયા પાસે અજાણ્યા વાહનની ટક્કરથી યુવાનનુ સારવાર દરમિયાન મોત

ચિલોડા, તા. ૨૭

તાલુકાના લેકાવાડા પાટીયા પાસે સાબરમતી બ્રીજ નજીક ઘરેથી બહાર જવા નીકળેલ રાહદારી યુવાન રમેશભાઈ શીવાભાઈ પટેલ ઉ.વ. ૩૦ રહે. નેનાવા, તા. ધાનેરા, જિ. બનાસકાંઠા કોઈ અજાણ્યા વાહનચાલકે તા. ૨૫મી માર્ચના રોજ રાત્રે ૯ વાગ્યાના સમયે યુવાનને ટક્કર મારતા ગંભીર ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્ત યુવાનને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર અર્થે લઈ ગયા બાદ વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો. ત્યાં સારવાર બાદ યુવાનનું મોત નીપજ્યુ હતુ. આ મૃતક યુવાનના પાકીટમાંથી મોબાઈલ ફોનના આધારે ઓળખ થઈ હતી.

ત્યારબાદ મૃતકના નાનાભાઈ દિનેશભાઈ શીવાભાઈ પટેલની ફરિયાદના આધારે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એ. પઠાણે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### ટચુકડી જાહેરખબર

સંશોધન રેંજ, ગાંધીનગરના બાસણ કેન્દ્ર ખાતે ચેઈનલીક ફેન્સીંગની કામગીરી માટે ગુજરાત રાજય ખરીદ વેચાણ નિતી -૨૦૧૬ હેઠળ ''ખ'' કક્ષામાં નોંધાયેલ સંસ્થાઓએ રેંજ ફોરેસ્ટ ઓફિસરશ્રી, સંશોધન રેંજ, ગાંધીનગરના બાસણ કેન્દ્ર ખાતે રૂબરૂ સંપર્ક કરી કામગીરીના સ્પેશીફીકેશન મુજબ તેઓની સંસ્થાના લેટરહેડ પર રનીંગ મીટરના ભાવ તા.૨૮-૦૩-૨૦૧૭ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધી પુરા પાડવા જણાવવામાં આવે છે.

તા.૨૭-૦૩-૨૦૧૭ સહી

સ્થળ : ગાંધીનગર રેજ ફોરેસ્ટ ઓફિસર

સંશોધન રેંજ, ગાંધીનગર

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હુ તો આજના દિવસે વાઈફને વીશ કરી દઉ છું... બધુ આવી ગયું...

## રમત-ગમતની કીટ અને સાઈનબોર્ડની અટકેલી ટેન્ડર પ્રક્રિયાથી નગરસેવકો મુંઝવાયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કોર્પોરેટર્સ દ્વારા ગ્રાન્ટ વાપરવામાં ઢીલાશ સેવાઈ રહ્યા બાબતે કેટલીક ટેન્ડર પ્રક્રિયા અટકેલી હોવાનું જાણવા મળ્યું છે. આ પ્રક્રિયામાં ખાસ કરીને રમત-ગમતના સાધનોની કીટના ટેન્ડરમાં આ વખતે ઊંચા ભાવનું ટેન્ડર આવતા વિવાદ થવાના ભયે નવેસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ હોવાથી આ ગ્રાન્ટ નગરસેવકો દ્વારા વાપરી શકાઈ નથી.

અગાઉ રમત ગમતના સાધનોની કીટ રૂ. ૭૨ હજારમાં આપનાર કોન્ટ્રાકટરે આ વખતે તે કીટનો ભાવ રૂ. ૧.૨૦ લાખનો ભર્યો હોવાથી ટેન્ડરને ઊંચા ભાવે મંજૂર કરવાથી વિવાદ સર્જાયાની ભીતિએ અટકાવી નવેસરથી ટેન્ડર મંગાવાયા છે. માત્ર રમત-ગમતની કીટ જ નહી પરંતુ કાઉન્સિલર્સની ગ્રાન્ટમાંથી ખુરશીઓ, પંખા, ટેબલો, બેન્ચ તથા સાઈન બોર્ડ વગેરેની ખરીદીની પણ ટેન્ડર પ્રક્રિયા હજુ શરૂ થઈ નથી જેના કારણે કાઉન્સિલર્સની સ્થિતિ સૂડી વચ્ચે સોપારીની થવા પામી છે. એક તરફ આ ચીજવસ્તુઓ માટે સ્થાનિક રહેવાસીઓ રજૂઆતો કરી રહ્યા છે અને બીજી તરફ ટેન્ડર પ્રક્રિયા અટકેલી હોવાથી કાઉન્સિલર્સ ગ્રાન્ટ વાપરી શકતા નથી. રહીશોની માંગણીને ન્યાય આપવા ટેન્ડર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરાય તેવી કાઉન્સિલર્સ આશા સેવી રહ્યા છે.

## ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહેસૂલી હુકમોનો વિતરણ કાર્યક્રમ ઓપન હાઉસ યોજાયો

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહેસૂલી હુકમોનો વિતરણ કાર્યક્રમ ઓપન હાઉસનું આયોજન આજરોજ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સીટીના ઓડીટોરીયમ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર અને જિલ્લા પ્રભારી મંત્રી શ્રીમતી ડૉ. નિર્મલાબેન વાઘવાણીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહેસુલી હુકમોનું વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

જિલ્લા પ્રભારી મંત્રી અને મહિલા અને બાળ કલ્યાણ રાજય મંત્રી શ્રીમતી નિર્મલાબેન વાઘવાણીએ જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારમાં મહેસુલી કામગીરી ઝડપી બનાવવા અનેક પરિવર્તન લાવવામાં આવ્યા છે. તેમના શાસનમાં સેવાસેતુ અને પ્રગતિ સેતુ જેવા ઉમદા કાર્યક્રમ થકી સરકાર લોકોના દ્વારો પહોંચી છે. આ બન્ને કાર્યક્રમને પ્રતિસાદ પણ સારો સાંપડયો છે. મહેસૂલ અંગેના અનેક કામગીરીને સાંકળી લઈ તેના લાભો પ્રજાને સરળતાથી મળે તે માટે ઓપન હાઉસ કાર્યક્રમ શરૂ કરવામાંઆવ્યોછે.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, રાજય સરકાર છેવાડાના અને ગરીબ માણસોની સુખાકારી કામોને પ્રાધાન્ય આપ્યું છે. જનસુખાકારીની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમની સફળતા પાછળ જિલ્લા વહીવટી તંત્ર મહત્વની ભૂમિકા અદા કરે છે. તેમજ સેવાસેતુ કાર્યક્રમ થકી રાજય સરકારે વ્યકિતલક્ષી ૧૯ જેટલી યોજનાઓનો લાભ લોકોને ઘર બેઠા આપ્યો છે.

મહેસૂલ વિભાગના અગ્ર સિચવ શ્રી કે. શ્રીનિવાસને ઓપન હાઉસ કાર્યક્રમનું આયોજન કરવા બદલ જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન આપી જણાવ્યું હતું કે, મહેસુલી કાયદાઓ અને પ્રક્રિયામાં અનેક સુધારો આવ્યા છે. તેને લોકો સુધી પહોચાડવા માટે ઈલેકટ્રોનિક માધ્યમનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મહેસૂલી સેવાનું પારદર્શક વહીવટનું માધ્યમ ઓપન હાઉસ કાર્યક્રમ છે. તેમજ મહેસુલી કામગીરીને વધુ ઝડપી બનાવવા માટે રાજય સરકાર દ્વારા મહેસૂલ દિવસ દર માસે રાખવામાં આવે છે.

જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, જિલ્લામાં મહેસૂલી તંત્ર તમામ વિભાગની કરોડરજ્જુ છે. મહેસુલી કામગીરીની વર્ષ- ૨૦૧૬-૧૭ની ઝલક આપતું પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું.

## આજથી ચૈત્ર નવરાત્રિ : શક્તિ ઉપાસના

ગાંધીનગર, તા.૨૭

શ્રદ્ધાળુઓ જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ચૈત્ર નવરાત્રિ પર્વની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે ચૈત્ર નવરાત્રિ પર્વ નવ દિવસ સુધી ચાલનાર છે. પાંચમી એપ્રિલના દિવસે નવ નોરતા તારીખે તેની પૂર્ણતા થશે. છઠ્ઠી એપ્રિલે ચૈત્ર સુદ દશમી છે. મા શક્તિની આરાધના અને ઉપાસના કરવા માટેના શ્રેષ્ઠ દિવસો છે. એકમ તિથી ૮:૨૬થી શરૂ થાય છે. નવ દિવસ સુધી માની ભક્તિ કરનારા ભક્તો નકોરડા ઉપવાસ કરે છે, તેની સાથે ઘેર જવારા વાવીને સાથે ઘટ સ્થાપના કરે છે, અને માની ઉપસના કરે છે. વર્ષ દરમિયાન ઋતુઓના સંધિકાળમાં મનુષ્યની શક્તિનો હ્રાસ થાય છે, આસંધિકાળમાં વિશેષ કુદરતી શક્તિ મળે, સાત્વિકતા વધે અને જીવનમાં આનંદનો સંચાર થાય તે માટે પ્રાચીન ભારતીય શૈલીપ્રણિત નવરાત્રિના પૂજનનું આયોજન થયું છે.પ્રચલિત મત મુજબ, વર્ષ દરમિયાન મુખ્ય ચાર નવરાત્રિઓ આવે છે જેમાં આસો અને ચૈત્ર મહિનાની નવરાત્રિ ઉજવાય છે, બાકીની બે નવરાત્રિઓ ગુપ્ત રહે છે, છતાં આ ચાર નવરાત્રિઓનું શક્તિ ઉપાસકો અને સામાન્યજનો માટે પણ અતિમહત્વ છે. અષાઢ, આસો, મહા અને ચૈત્ર આ ચાર મહિનાઓમાં મા શક્તિની ઉપાસના માટે નવરાત્રિઓ છે. અષાઢ મહિનાની નવરાત્રિ ગુપ્ત નવરાત્રિ છે. આસો મહિનાની નવરાત્રિ શારદીય નવરાત્રિ છે, મહા મહિનાની નવરાત્રિ પણ ગુપ્ત નવરાત્રિ છે અને તુર્થ ચૈત્ર નવરાત્રિ એટલે કે વસંત નવરાત્રિ છે. આ સિવાય પોષ મહિનામાં સુદ પક્ષમાં પંચમ નવરાત્રિ હોવાનો મત પ્રચલિત છે. ગુપ્ત નવરાત્રિ એ શક્તિ સાધકો માટે દેવીની ઉપાસનાનું પર્વ છે જ્યારે આસો અને ચૈત્ર નવરાત્રિની ઉજવણી ભારતના ઉત્તર ભાગમાં બધે જ થતી જોઈએ છીએ. ઋષિ પ્રણિત માર્કંડ પુરાણ અનુસાર બ્રહ્મા, શિવ અને નારાયણ સહિતના દેવો જેને સતત પ્રાર્થે છે, નમસ્કાર કરે છે તે મા શક્તિની કૃપા પામવાનું પર્વ એટલે ચૈત્ર નવરાત્રિ. ચૈત્ર નવરાત્રિ દરમિયાન ઘટસ્થાપન કરી માની આરાધના કરાય છે.

### સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર

**જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૬-૨૦૧૭નો સુધારો-૧**

સંદેશ સમાચાર વર્તમાવપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૨૯/૩/૨૦૧૭ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | તા. ૬/૪/૨૦૧૭ |
| બાનાની રકમ ટેન્ડર ફી બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૭/૪/૨૦૧૭થી ૧૫/૪/૨૦૧૭ |
| ટેકનીકલ બીડ/પ્રાઈસબીડ ખોલવાની તારીખ | ૭/૪/૨૦૧૭ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મૂળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૬૫૨/૨૦૧૭

આથી હું જાહેર કરું છું કે, મારું નામ 'વરૂણ ઉપાધ્યાયા' અને 'વરૂણ ઉપાધ્યાય' બંને મારા નામો છે અને બંને એક જ વ્યક્તિ છે. ઉપરોક્ત બંને નામોનો ઉલ્લેખ મારા દસ્તાવેજોમાં કરવામાં આવ્યો છે. અને હું અહીં જાહેર કરું છું કે, તે 'વરૂણ ઉપાધ્યાય' તરીકે જ ઓળખાય છે. આથી પાસપોર્ટમાં ઉલ્લેખાયેલ મારું નામ 'વરૂણ ઉપાધ્યાયા'ને 'વરૂણ ઉપાધ્યાય'માં બદલું છે.

સહી/-
વરૂણ ઉપાધ્યાય

## વી-કેર દ્વારા સેવા યજ્ઞ

ગાંધીનગર, તા. ૨૭

સર્વોદય કેળવણી મંડળ સરદારપુર સંચાલિત શેઠ એ.એસ. હાઈસ્કૂલ, સરદારપુરમાં આજરોજ ગાંધીનગરના વતની અને વી કેર ફાઉન્ડેશનના પ્રણેતા જે.સી. પટેલે આ શાળાના તમામ બાળકો, વાલીઓ, મંડળના સદસ્યોને તેઓની આગવી શૈલીમાં ધ્યાન, મન, યોગ અને કેવી રીતે ઊંચો સ્કોર પ્રાપ્ત કરવો તેમજ માતા-પિતા, ગુરૂજનો અને ભગવાન વગેરેની આદર કરવાની ઊંચી પ્રેરણા આપી હતી. આ પ્રસંગે મંડળના પ્રમુખ પી.ડી. પટેલ, ગાંધીનગરના નિવૃત્ત શિક્ષક પુંજાભાઈ પટેલ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જે.સી. પટેલે કર્યુ હતુ. અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### ટેન્ડર કમ જાહેર હરાજી

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગની મારૂતિ એસ્ટીમ કાર નં. જીજે-૧૮-જી ૧૧૭૩ અને ટાટા સુમો કાર નં. જીજે-૧૮-જી૧૧૭૪ જેની અપસેટ કિંમત અનુકમે રૂ. ૨૫,૦૦૦/- અને ૪૫,૦૦૦/- નિયત થયેલ છે. તેનો ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા માટે ભાવપત્રક અનુકમે રૂ. ૨,૫૦૦/- અને ૪,૫૦૦/- મુજબ રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફટ / ફીક્સ ડીપોઝીટ રસીદ સાથે સીલબંધ કવરમાં તા. ૧/૪/૨૦૧૭ સુધીમાં ઉપસચિવશ્રી (મહેકમ) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭/૫મો માળ, સચિવાલય, ગાંધીનગર. ટે.નં. ૨૩૨૫૦૪૬૪ને મોકલી આપવા જણાવવામાં આવે છે. નક્કી કરવામાં આવેલ તળીયાની કિંમત (જીંજીઠી)થી ઓછી કિંમતના ટેન્ડર લક્ષમાં લેવામાં આવશે નહીં. આ વાહનની જાહેર હરાજી જે વ્યક્તિ / પાર્ટીએ ભાવપત્રકો સાથે બાનાની રકમ ભરેલ હશે તેમની હરાજીમાં ટેન્ડર ખોલી આ વિભાગના કમિટી રૂમમાં તા. ૫/૪/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે યોજવામાં આવશે. હરાજીની શરતો આ વિભાગની વેબ સાઈટ www.cst.gujarat.gov.in પર મૂકવામાં આવેલ છે.

સહી/-
(વિ. એમ. વસાવા)
ઉપસચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

માહિતી/૩૦૮૬/૧૬-૧૭